R.N.I. No. : 66450/97 GAMC NO. : Guj/189 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રી: મિનાક્ષી ધોળકીયા

email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

ESTD.YEAR-18•ISSUE:52 DATE:27-12-2014•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

## ઇસ્લામીક સંગઠન (ઇસીસ)દ્વારા ચર્ચોની કિમતી ચીજો લુંટીને વેચાઇ રહી છે

ઈરાક અને સીરીયામાં આવેલ અનેક ઐતિહાસિક ધરોહર ધરાવતાં ખ્રિસ્તી ચર્ચો ઉપર ધાવો બોલીને ચર્ચની કિંમતી ચીજો લુટીને ઈસીસ દ્વારા તેનું વેચાણ કરીને ખુબજ નાંણા એકત્રીત કરવામાં આવી રહ્યા છે.

ક્રિશ્ચિયન ટુડે એ તેના રીપોર્ટમાં જણાવ્યુ હતું કે આવી ચોરાયેલ ચીજો મીલીયન ડોલર્સની વેલ્યુ ધરાવતી હતી.આ આતંકવાદીઓ આ પહેલાં ઓઈલની દાણચોરી કરીને તેને બહાર લઈ જવા માટે ખાસ ચેનલ ગોઠવી હતી.અને આ ચેનલ દ્વારા હથિયારોની લેવડદેવડ પણ કરવામાં આવતી હતી.સત્તાવાળાઓનું માનવું છે કે આ ચેનલનો ઉપયોગ કરીને તેઓ પશ્ચિમી વેપારીઓને આ ધાર્મિક સંસ્થોની કિંમતી ચીજો વેચી રહ્યા છે અને પહોચાડી રહ્યા છે.

વિલી બ્રુગીમેન, બેલ્જીયમ ફેડરલ પોલીસ કાઉન્સીલ પ્રેસીડેન્ટે ધ ટાઈમ્સને જણાવ્યું હતું કે ઈસીસ પોતાના ડાયરેક્ટ સંપર્કો ઉભા કરીને ખરેખર ખરીદદાર વેપારી સુધીનું નેટવર્ક વિકસાવ્યું છે.તેઓ તેમનો એકબીજા સાથે નજીકનો સંપર્ક ઈચ્છી રહ્યા છે.

હજુ સુધી યુકેમાં કોઈ પણ આવી લુંટેલી ચીજોનો ખરીદદાર પકડાયો નથી.પરંતુ બ્રુગીમેને કહ્યું હતું કે આ શોધી શકાય તેમ નથી. મ્યુરલ અને મેસોનરી ચર્ચની સૌથી વધુ ચોરાયેલ ચીજો છે.

## જૈનોની પવિત્ર નગરી પાલિતાણામાં નોનવેજ વેચાણ પરનો પ્રતિબંધ આખરે પાછો ખેચાયો

ભાવનગરના પાલિતાણીી તળેટીમાં નોનવેજ વેચવા પર પ્રતિબંધ ફરમાવવામા આવ્યો હતો.જૈનોની ધર્મશાળાઓ નજીક જ વેચાતા નોનવેજ સામે ભારે વિરોધ કરવામાં આવ્યો હતો.જેને પગલે ગુજરાત હાઈકોર્ટમાં જાહેર હિતની અરજીની સુનાવણી દરમ્યાન આજે સરકારે પોતાનું નોટીફીકેશન પાછુ ખેચ્યુ હતું. જેમાં પાલીતાણાની નગરપાલિકાની હદમાં મટન,ઈંડા,માછલી વેચવા પર પ્રતિબંધ ફરમાવ્યો હતો.તો બીજી તરફ પાલિતાણાના રહીશ વિનોદ મીઠાપરાએ હાઈકોર્ટમાં સરકારના આ પ્રતિબંધને પડકાર્યો હતો. અને આ પ્રતિબંધ ગેરકાયદેસર હોવાની દાત માંગી હતી.અને એવી રજુઆત કરી હતી કે જિલ્લાના સત્તાવાળાઓએ જૈન અગ્રણીઓના દબાણને વશ થઈને આ પ્રતિબંધ ફરમાવ્યો છે.

ઉલ્લેખનીય છે કે કેટલાક જૈનો દ્વારા નોનવેજ વેચવાના નિર્ણય સામે ઉપવાસ કરવામાં આવ્યા હતા. જો કે કોર્ટ સમ૭ અરજદારના વકીલ સૌરભ પટેલે એવી રજુઆત કરી હતી કે ૧૯૯૯માં સરકારનું નોટીફિકેશન હતું જેમાં ભૈરવનાથી બ્રીજથી શંત્રુજય હિલ સુધીના રસ્તા પર નોનવેજ ફુડ વેચવા પર પ્રતિબંધ હતો. તે નોટિફીકેશન મુજબ કોઈ વેપારી ૨૫૦ મીટરના વિસ્તારમાં નોનવેજ વેચતા નથી. તો ફરીથી નવા નોટીફીકેશનને અમલમાં લાવી શકાય નહી

## બોકો હરામ નાજીરીયન આતંકીઓ ૩૫ને મોતને ઘાટ ઉતાર્યા અને ૧૦૦ વિલેજર્સનું અપહરણ કર્યુ

બોકો હરામના હુમલામાં ૩૫ વ્યકિતઓના મોત નિપજ્યા હતા.આ બનાવ નોર્થઈસ્ટર્ન વિલેજ ગુમસુરી ખાતે બન્યો હતો.આ આતંકીઓ ૧૦૦ જેટલી મહિલાઓ અને બાળકોનું અપહરણ કરી ગયા હતા.

બીબીસીના રીપોર્ટ પ્રમાણે આ પ્રકારના સમાચારો આવતાં અને ઈન્ટરનેશનલી લોકોને જાણ થતાં અમુક સમય લાગે છે.મેઈદુગુરી સીટી ખાતે બચી ગયેલા લોકો આ સમાચાર બાબતે જણાવે છે.મેઈના ચીબોક,જેણે પોતાના કુટુબની મુલાકાત ગુમસુર ખાતે લીધી હતી તેના જણાવ્યા પ્રમાણે આતંકી ટ્રકમાં આવ્યા હતા અને અંધાધુંધ ગોળીબાર કર્યો હતો.તેઓએ લોકોને એકઠા કર્યા હતા.૩૫ પુરુષોને સ્થળ ઉપર મારી નાંખ્યા હતા.૧૦૦ મહિલાઓ અને બાળકોના અપહરણ કરી ગયા હતા.આ લોકો મેડીકલ સેન્ટર,દુકાનો અને ઘરોને પણ બાળી મુકે છે.

## હિંદુ મહાસભાએ ગોડસેની બનાવેલી ફિલ્મ જાન્યુઆરીમાં રીલીઝ કરશે

દેશના મહત્વના શહેરોમાં મહાત્મા ગાંધીના હત્યારા નાથુરામ ગોડસેની પ્રતિમાં લગાવવા માટે સરકારની મંજુરી માંગ્યા બાદ હવે હિંદુ મહાસભાએ તેમની ફિલ્મ રીલીઝ કરવાની વાત કરી છે.

હિંદુ મહાસભાએ આ ફિલ્મનું નામ દેશભક્ત નથુરામ ગોડસે રાખ્યું છે.જેને આગામી ૩૦ જાન્યુઆરીના રોજ રીલીઝ કરવામાં આવશે.આ દિવસે ૧૯૪૮માં ગોડસેએ મહાત્મા ગાંધીની ગોળી મારી હત્યા કરી હતી.એમ હિંદુ મહાસભાના જનરલ સેક્રટરી મુન્નાકુમાર શર્માએ જણાવ્યું હતું.આ ફિલ્મમાં માત્ર ગોડસેને મહત્વ નથી અપાયું પણ મહાત્મા ગાંધીએ હિંદુ ધર્મના લોકો સાથે કેવો વ્યવહાર કર્યો હતો તેની પણ નોંધ લેવામાં આવી છે.મુન્ના શર્માએ જણાવ્યું હતું કે આ દેશની આજની પેઢીને ગોડસેના વિચારો અને તેમની રાષ્ટ્રભકિતનું જ્ઞાન થાય માટે આ ફિલ્મ બતાવવામાં આવી રહી છે.

## પાકિસ્તાની કોર્ટે બે મોલવીની ખ્રસ્તી દંપતિની હત્યા બદલ ધરપકડ કરવાનો આદેશ જારી કર્યો

ગત નવેમ્બર માસમાં એક ખ્રિસ્તી દંપતી શીથેડ અને સામેહ મસિહને કુરાનનું અપમાન કરવા બદલ બે મુસ્લીમ મોલવીઓએ ૫૦૦ થી ૬૦૦ લોકોનું ટોળું એકત્રીત કરીને તેમની હત્યા કરી હતી. ત્યારબાદ ઈંટોના ભઠ્ઠામાં આ દંપતિના શબોને સળગાવી દીધા હતા.આ દંપતિને ચાર બાળકો હતા.આ વખતે દંપતિ મહિલા ગર્ભવતી હતી.પોલીસે ૧૩૮ લોકો સામે ગુનો દાખલ કર્યો હતો.તેમજ ૫૯ લોકોને કસ્ટડીમાં લીધા હતા.ખ્રિસ્તી દંપતિની હત્યા પાછળ બે મુસ્લીમ મૌલવીએ દોરવણી આપી હતી.તેમજ ટોળાને ઉશ્કેરીને આ દંપતિની હત્યા કરાવી હતી.કોર્ટે આ કેસમાં વધુ તપાસનો આદેશ કર્યો હતો.પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટે આવા કેસોમાં વ્યક્તિગત ધરપકડ કરવાનો આદેશ કર્યો હતો.

## પાકિસ્તાનમાં ૫૦૦ થી વધુ ત્રાસવાદીઓને ફાંસી અપાશે

પાકિસ્તાનમાં વધી ગયેલા ત્રાસવાદી હુમલાઓને કારણે સરકાર એકદમ જાગી ઉઠી છે.૨૦૦૮માં ફાંસીની સજા પર લાગેલો પ્રતિબંધ ઉઠાવી લેવાતાં આશરે ૫૦૦ થી વધુ આતંકવાદીઓની દયાની અરજી ફગાવી દેવાઈ છે.અને આગામી દિવસોમાં આ બધાને સાગમટે ફાંસી આપી દેવાશે.

એજન્સીના સમાચારો મુજબ ગૃહમંત્રાલયે જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ મનમુન હુસેને આ ૫૫ આતંકવાદીઓની અરજી ફગાવી દીધી છે.અને તેના કારણે મંત્રાલય દ્વારા તેમના માટે બ્લેક વોરંટ જારી કરી દેવાનો માર્ગ મોકળો બન્યો છે.પ્રતિબંધને કારણે ૨૦૧૨થી દયાની અરજી ઓ પેન્ડીંગ હતી.કેમકે પુર્વ પ્રમુખ આસિફ અલી ઝરદારીએ તેના પર કોઈ પગલાં લેવાનું નકાર્યું હતું.

ગૃહમંત્રી નિસાર અલીખાને કહ્યું હતું કે પાકિસ્તાનની વિવિધ કોર્ટોમાં ૫૦૦ થી વધુ આતંકવાદીઓને મોતની સજા ફટકારી છે.હવે પેશાવરની ઘટના બાદ સરકારે ફાંસી પરનો પ્રતિબંધ ઉઠાવી લેતાં સરકારે આ બધાને સજા આપવાનું નક્કી કર્યું છે. જો કે તેમણે એવુ પણ સાહસ બતાવ્યું હતુ કે પોતાના સાથીઓની ફાંસીને કારણે આતંકવાદીઓ તરફથી મળનારા જવાબ માટે પણ દેશ તૈયાર છે.પાકિસ્તાને થોડાક દિવસો પહેલાં ચાર આતંકવાદીઓને ફાસી આપી હતી.પાકિસ્તાનના જમણેરી જુથોએ મોતની સજા ફરીથી શરુ કરવાના નિર્ણયની ટીકા કરી છે.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**અમારા માનવંતા વાચકો અને ગ્રાહકોને નાતાલ તથા નવા વર્ષ -૨૦૧૫ ની શુભેચ્છાઓ પાઠવીએ છીએ**

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

છેલ્લા કેટલાક દિવસોથી ધર્માંતરણનો મુદ્દો રાજકીય ગરમાવો પેદા કરી ગયો. સંસદમાં વિપક્ષોએ વડાપ્રધાનને ઘેર્યા હતા.પરંતુ રાજકીય રમતમાં સંસદનું સત્ર સમાપ્ત કરી દેવાયું.ભાજપ સત્તા પર આવતાંની સાથે હિદુત્વ તરફી તત્વોને મોકળું મેદાન મળી ગયું છે.ગુજરાતમાં વલસાડ જિલ્લામાં ધર્માંતરણ કે ઘરવાપસી કાર્યક્રમ કરીને ૧૦૦ જેટલા ખ્રિસ્તી પરિવારોને ફરીથી હિંદુ બનાવી દેવાયા. આજ પ્રમાણે આગ્રામાં કેટલાક મુસ્લીમ પરિવારોને આવાજ કાર્યક્રમ હેઠળ હિંદુ બનાવાયા.આ એક પ્રકારનું ધર્માંતરણ છે.ભાજપ અને તેની ભગિની સંસ્થાઓ રુપાળા નામો ગોઠવીને ગેરકાયદેસરને કાયદેસર બનાવવામાં માહિર છે.આવા કાર્યક્રમો સામે બિનસાંપ્રદાયિક પરિબળોએ ખાસો વિરોધ કર્યો પરંતુ મોદીએ તેનો જવાબ સંસદમાં આપ્યો નહિ.ભારતનું બંધારણ બિનસાંપ્રદાયિકતા અને લોકશાહી પ્રક્રિયામાં માને છે.ટુંકમાં ભાજપ અને સંઘનો હિંદુત્વનો છુપો એજન્ડા છે તેને ધીમી આંચે મોદી અને ભાગવત પકવી રહ્યા છે.મોદી એક હાથમાં વિકાસ અને બીજા હાથમાં હિંદુત્વ લઈને ચાલી રહ્યા છે.ભાજપની ચાલ, ચરિત્ર અને ચહેરાનું ધ્યાનથી અધ્યયન કરો તો વિકાસલક્ષી,પ્રગતિશીલ,ઉદારમતવાદી,હિંદુત્વવાદી, કટ્ટર હિંદુત્વવાદી અને મુસ્લીમ વિરોધી તમામ પ્રકારના નેતાઓ અને કાર્યકર્તાઓ મળી રહેશે.ભાજપને આ ભેળશેળ માફક આવી ગઈ છે.પરિણામે ભાજપ મેદાન મારી જાય છે.પ્રજાને ધર્મનું અફીણ પીવડાવવામાં કોઈ વાંધો નથી.પ્રજામાં અપેક્ષા,આકાંક્ષા જગાડીને સપનાના વાવેતર કરવામાં આ લોકો માહીર છે.તેથી લોકોને મોદીમાં શ્રધ્ધા દેખાઈ રહી છે.મોદી વિકાસ પુરુષની છબી જાળવી રાખવા માંગે છે સાથે હિદુત્વના મુદ્દાને પણ છોડી શકે તેમ નથી.મોદીને જીતાડવા સંઘે ખાસી ત્રણ વર્ષ મહેનત કરી છે.તેથી તેઓ તેમનો એજન્ડા ત્યજીના દેવાય તે રીતે મોદીને પ્રોજેકટ કરી પોતાનું ધાર્યું કરી રહ્યા છે.

## કાળુ નાણું દેશ બહાર મોકલવામાં ભારત વિશ્વમાં ચોથા ક્રમે

આંતરરાષ્ટ્રીય સંસ્થા ગ્લોબલ ફાઈનાન્સ ઈન્ટીગ્રીટીએ ખુલાસો કર્યો હતો કે વિદેશમાં કાળા નાણાં સંગ્રહવામાં ભારતનો ચોથો નંબર આવે છે.સૌથી વધુ કાળુ નાણું વિદેશોમાં મોકલવામાં ચીન પ્રથમ નંબરે છે.ત્યારબાદ રશિયા અને મેકસિકો ત્રીજા ક્રમે આવે છે.ભારતમાંથી વિદેશોમાં પગ કરી ગયેલા કાળા નાંણા અંદાજે ૪૪૦ અબજ ડોલર જેટલા મનાય છે.૨૦૧૨માં ભારતીયો દ્વારા અંદાજે ૬ લાખ કરોડ રુપીયા વિદેશોમાં છુપાવવામાં આવ્યા હતા.

**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.
અમી સર્જીકલ
૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧
જય ક્રિશ્ચિયન મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯

★ નીલા ફાઇનાન્સ ★
આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
નીલા સી.ગામડીયા
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

## ઇસ્લામીક સ્ટેટ સંગઠને ઇરાકમાં તાબે નહી થનાર ૧૫૦ મહિલાઓને રહેસીં નાખી



યઝિદી મહિલાઓએ ઈરાક અને સીરીયામાં તેમની મહિલાઓ સાથે થઈ રહેલા અત્યાચારો સામે આંતરરાષ્ટ્રીય સમુદાયનું ધ્યાન દોરવા માટે જર્મની ખાતે એક વિરોધ પ્રદર્શન યોજાયું હતું. જેમાં યઝિદી મહિલાઓ ભાગ લીધો હતો.

દુનિયા ભરમાં આતંકીઓ આતંક ફેલાવી રહ્યા છે.તાજેતરમાં ઓસ્ટ્રેલીયા ખાતે, ત્યારબાદ પાકિસ્તાનમાં પેશાવર ખાતે અને હવે ઈરાકમાં લગ્નનો ઈન્કાર કરનાર મહિલાઓને ઈસીસ ના આતંકીઓએ રહેસી નાંખી હતી. આ અહેવાલો તુર્કી મીડીયાએ પ્રગટ કર્યા હતા. ઈરાકના માનવ અધિકાર મંત્રાલય દ્વારા જારી કરાયેલો એક નિવેદનમાં જણાવાયું હતું કે આતંકીઓ ઈરાકના અલ-અંબર પ્રાંતમાં મહિલાઓ પર હુમલો કર્યો હતો અને હત્યા બાદ ફલુજ્જાહમાં સામુહિક કબરોમાં દફનાવી દીધી હતી.હત્યાના સમયે કેટલીક મહિલાઓ ગર્ભવતી હતી.નિવેદનમાં જણાવ્યા મુજબ મહિલાઓએ આતંકીઓ સાથે લગ્ન કરવાનો ઈન્કાર કરી દીધા બાદ અબુ અનસ અલ લીબી નામના આતંકવાદીએ ઓછામાં ઓછી ૧૫૦ મહિલાઓને મોતને ઘાટ ઉતારી દીધી હતી.આ સમાચારો પ્રગટ થતા સમગ્ર વિશ્વમાં હાહાકાર મચી ગયો હતો.

ઈરાકમાં આઈએસના આતંકનો સૌથી ભોગ ખ્રિસ્તી-યઝિદી સમુદાયના લોકો બન્યા છે.અત્યાર સુધીમાં યઝિદી સમુદાયની પાંચની સાત હજાર મહિલાઓને આઈએસ દ્વારા ગુલામ બનાવવામાં આવી છે.કુવારી મહિલાઓને અલગ તારવીને આતંકીઓ તેમને સેકસગુલામ તરીકે ધકેલી દે છે.તાજેતરમા એક ફતવો બહાર પાડીને ઈસ્લામીક સ્ટેટે તેના આતંકીઓને ગુલામ મહિલાઓ સાથે સેક્સની પરવાનગી આપી છે.ઈસીસે જણાવ્યા મુજબ ગુલામ મહિલા સાથે સેકસ કરવામાં કશું ખોટું નથી.ફતવામાં ગુલામ મહિલાઓની કિંમત જાહેર કરવામાં આવી હતી.ઈસ્લામિક સ્ટેટ ખુલ્લે આમ ગુલામી પ્રથાનું સમર્થન કરે છે.તેઓએ એ પણ જાહેર કર્યું હતું કે ગુલામી પ્રથાને તેઓ પુનજીવીત કરી રહ્યા છે.

જ્યારે જેહાદ અલ-નિકાહને સેકસ જેહાદ તરીકે પણ ઓળખવામાં આવે છે. જેમાં સુન્ની મહિલાઓ ઈસ્લામિક શાસનની સ્થાપના માટે લડતા આતંકીઓને સેક્સનુ સુખ આપવા માટે પોતાની જાતને અર્પણ કરી દે છે.અલ-કાયદા સંલગ્ન ઈસ્લામિક આતંકવાદી જુથો સામેની ટ્યુનીશીયાની સરકારની લડાઈમાંથી આ વ્યવસ્થા જન્મી છે.

લગ્ન વિષયક
ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર
ગીડીયોન પોલ પરમાર
(ગર્વ.મેરેજ રજીસ્ટાર)
નં. ૯, કનાન સોસાયટી, મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯
મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬

જાહેર ખબર તથા લવાજમના એજન્ટ
શ્રી આર.એન.રાજગુરુ
નગર ગેઈટ,જામ-ખંભાળીયા
જી.જામનગર
ફોન નં.૯૯૦૯૮૪૭૭૮૭,
૯૯૦૯૩૪૭૭૮૭
શ્રી ભુપેન પરમાર,
આંબેડકરનગર,ઈશ્વરકૃપાનિવાસ સામે,નાના મહુવા,
કાલાવડ રોડ,રાજકોટ-૫
ફોન: ૯૯૨૫૦૬૭૮૫૩
શ્રી પિયુષભાઈ એ. પટેલ,
૧૦૬,સજની એપાર્ટ,દલાલસ્ટ્રીટ,
ફતેહગંજ,વડોદરા-૩૯૦ ૦૦૨
મો.૯૯૯૮૯૯૮૮૪૨

## ભારતમાથી ઇટાલીએ કચેરી બંધ કરવા માટે ધમકી આપી

ભારતીય માછીમારોને ચાંચીયા સમજીને ગોળી ચલાવતા મૃત્યુ પામેલ માછીમારોની હત્યા બાબતે કેસમાં ઈટાલીના નૌસેનિકો ભારતીય જેલમાં છે. અને તેમની સામે હત્યાનો ખટલો ચાલી રહેલ છે.ઈટાલીની સૈનિકો ૨૦૧૨માં કેરળ પાસેના દરિયામાં ઓઈલ ટેંકરની સુરક્ષા સંભાળતા હતા.હવે ઈટાલીના આ નૌ સેનિકોએ કરેલી અરજી નામંજુર થતાં ઈટાલીએ ભારત ખાતેના તેમના એલચીને પાછા બોલાવી લેવાની ધમકી આપી છે.હવે આ એક રાજદ્વારી વિવાદ શરુ થયો છે.ગત વર્ષે તેમને જામીન અરજી મંજુર કરવામાં આવી હતી. પરંતુ આ વખતે તેવી અરજી મંજુર કરવામાં આવેલ નથી.

ઈટાલીની સરકારને આ કેસ અહીયાની કોર્ટમાં ચાલે તે બાબત પહેલાંથી મંજુર નથી. તેઓ આ ખટલાને આંતરરાષ્ટ્રીય કોર્ટમાં લઈ જવા માંગતા હતા. પરંતું ભારતીય સીમાં બનેલ ઘટના અને ભારતીય માછીમારોની હત્યાને કારણે કેસ ભારતની કોર્ટમાં ચાલી રહેલ છે. અને ચાલશે તેથી ઈટાલી નારાજ છે કારણે કોર્ટમાં વિલંબ થશે.

ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર
- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

# અટલજીને

**"ભારત રત્ન" આપવાની ઘોષણા બદલ
અને જન્મદિને હાર્દિક શુભેચ્છા
"જય જવાન, જય કિસાન અને જય વિજ્ઞાન"
ના સુત્રદાતા શ્રી અટલજીના જન્મદિનના અવસરને
'નેશનલ ગુડ ગવર્નન્સ ડે' તરીકે ઉજવીએ
શતં જીવેમ શરદ :**



શ્રી નરેન્દ્રભાઈ મોદી,
માનનીય વડાપ્રધાન

**વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના ડીજીટલ ઇન્ડીયા ના સ્વપ્નને સાકાર કરવા ગુજરાત કટિબધ્ધ**

## ગુજરાતમાં સુસાશનના આધારસ્તંભો

- ★ઇ-ગવર્નન્સ દવારા પારદર્શી વહીવટ
- ★સ્વચ્છતા અભિયાનમાં જનભાગીદારી
- ★કુપોષણ સામે જંગ ..તંદુરસ્ત ગુજરાતનું નિર્માણ
- ★મહિલાઓનું સશક્તિકરણ
- ★ગરીબ કલ્યાણ મેળા થકી વંચિતોનો વિકાસ
- ★વનબંધુ કલ્યાણ યોજના દ્વારા આદિજાતિ વિકાસ

**ઇ-ગવર્નન્સમાં ગુજરાત મોખરે.....**

e-TAAL અંતર્ગત ઇ-સેવામાં ગુજરાત પ્રથમ
I.T. કેડરની સ્થાપના
૧૬ D.T.H.ચેનલો ઉપર બાયસેગ દ્વારા
શિક્ષણમાં નુતન પ્રકલ્પનો પ્રારંભ



શ્રીમતી આનંદીબેન પટેલ, મુખ્યમંત્રી,
ગુજરાત ૨ રાજ્ય

**અસંગઠિત મજુરોના કલ્યાણ માટે શ્રમયોગ કલ્યાણ કાર્યક્રમોનો આજથી પ્રારંભ**

**સુશાસન એટલે સર્વાંગી વિકાસ,સર્વનો વિકાસ, સર્વ ક્ષેત્રનો વિકાસ, સર્વ સમાવેશક વિકાસ**

# નાતાલની રજા રદ કરી ગુડ ગવર્નન્સ ડે ઉજવવા સ્કુલો ચાલુ રાખવાનો સરકારી પરિપત્ર

નાતાલના તહેવારોમાં ૨૫મી ડિસેમ્બર ખ્રિસ્તીઓનો તહેવાર હોવાથી શાળાઓમાં રજા આપવામાં આવે છે.પરંતુ ભાજપની સરકાર દ્વારા આ દિવસે ગુડ ગવર્નન્સ ડે ઉજવણી કરવાનો પરિપત્ર શાળાઓને મોકલવામાં આવ્યો છે જેથી શાળાઓ ચાલુ રાખવી પડે.જો કે સરકારને આ મુદ્દે ઘેરવામાં આવતાં નાણાં મંત્રી અરુણ જેટલીએ કુશળતાથી રાજ્યસભામાં ખુલાસો કર્યો હતો કે આ દિવસે સ્કુલ બંધ રાખવામાં આવશે પરંતુ નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવશે.પરંતુ કોઈના કોઈ બહાને સ્કુલ ચાલુ રખાશે.માનવ સંશાધન મંત્રી સ્મૃતિ ઈરાનીને આખા દેશમાં ભગવાકરણ કરવાનો અભરખો છે તેથી તેઓ કોઈપણ બાબતમાં તક મળે છોડતાં નથી.તેમનું આચરણ દેશમાં રચાયેલ નવી સરકારને વારંવાર ભીંસમાં મુકે છે.પરંતુ તેઓ પાછળથી મીડીયાને દોષ આપી છટકી જવાનો પ્રયત્ન અવશ્ય કરે છે.

સુસાશન દિવસ ઉજવવાના મુદ્દે વિપક્ષ દ્વારા કરાયેલા વિરોધમાં ડીમકેના વડા કરુણાનિધિએ જણાવ્યું હતું કે મોદી સરકાર હિંદુત્વના મુદ્દે જ આગળ વધી રહી છે. અને તે રીતે કામ કરી રહી છે. તેઓ આ રીતે કોમી એકતાની મજાક ઉડાવી રહી છે.જો કે અન્ય વિપક્ષો પર આ બાબતને ગંભીરતાથી લઈ રહ્યા છે કારણકે તેઓને એવું લાગી રહ્યુ છે કે સરકાર પોતાનો છુપો એજન્ડા અમલમાં લાવવા માટે પ્રયત્નશીલ છે.ભાજપની ભગીની સંસ્થાઓ દેશમાં ચારેબાજુ હિંદુત્વના મુદ્દે આંદોલનને ઓપ આપી રહી છે.અને સરકાર આ વિચારધારાને ઉત્તેજન આપતી કાર્યવાહી કરી રહી છે.

# બારકોડેડ ચુંટણી ઓળખકાર્ડ જાન્યુઆરીથી અપાશે

ચુંટણી પંચના ગુજરાત એકમે હવેથી બારકોડેડ મતદાર ઓળખકાર્ડ આપવાનું જાન્યુઆરીથી શરુ કરવાનો નિર્ણય લીધો છે.વાઈબ્રન્ટ સમિટ બાદ તે અપાશેબારકોડેડ ઓળખકાર્ડને લીધે મતદાર અંગેની ચોકસાઈ વધશે.અને મતદાન વધુ સલામત બનશે.ઉપરાંત મતદારો માટે ઓળખકાર્ડ સાચવવું વધુ સરળ બનશે. પ્લાસ્ટીકના કાર્ડ આપવા માટેની શરુઆત ૨૫ જાન્યુઆરીથી રાજ્યભરમાં એકસાથે કરાશે. આગામી ચુંટણ બારકોડેડ મતદાન કાર્ડથી થઈ શકશે.મતદાર યાદીના આધારે જ નવા કાર્ડ આપવામાં આવશે.જેમનું નામ મતદાર યાદીમાં છે અને જે તસવીર કાર્ડમાં મતદારની લગાવેલી છે તેને જ નવા કાર્ડ આપવામાં આવશે.કાર્ડની માંગણી કરે તુરતજ આ કાર્ડ આપી દેવાશે.જેઓ જુનુ કાર્ડ ચાલુ રાખવા માંગતા હશે તેઓ તે ચાલુ રાખી શકશે.કાર્ડ માંગનારાઓએ તેની ફી ચુકવવાની રહેશે.નામ,સરનામું તથા બીજી તમામ વિગતો બારકોડેક કાર્ડમાં મુકવામાં આવશે.પ્રથમ વખતના મતદારોને આ કાર્ડ મળશે નહી.







## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## કેર કોમ્પ્યુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં: ૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં: ૯૮૯૮૦૭૨૮૮૧

## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪





તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.